# કોલસા કૌભાંડ મામલે ભાજપ-કોંગ્રેસ આક્રમક

નવી દિલ્હી,તા. ૨૮

કોલસા બ્લોકની ફાળવણીના મામલે કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ આજે સવારે કોંગ્રેસ સંસદીય દળની બેઠકમાં વડાપ્રધાન મનમોહનસિંહનો જોરદાર બચાવ કર્યો હતો. સાથે સાથે ભાજપ ઉપર વળતા પ્રહારો કર્યા હતા. સોનિયા ગાંધીએ કહ્યું હતું કે વિપક્ષના આક્ષેપોનો યોગ્ય રીતે જવાબ આપવાની જરૂર છે. સોનિયા ગાંધીએ ભાજપની નકારાત્મક નીતિ સામે લડત ચલાવવા કોંગ્રેસના સાંસદોને અપીલ કરી હતી. ગાંધીએ કહ્યું હતું કે બ્લેકમેલીંગ કરવાનું કામ ભાજપનું રહ્યું છે. કોલસા બ્લોક ફાળવણીના મામલામાં ભાજપ દ્વારા સંસદમાં કરવામાં આવી રહેલા ધાંધલ ધમાલના મામલે સોનિયા ગાંધીએ કહ્યું હતું કે સંસદની કામગીરી ન ચાલવા દઈને ભાજપના લોકો દેશના લોકોને ગેરમાર્ગે દોરી રહ્યા છે. ભાજપના નેતાઓમાં સંસદને લઈને કોઈ સન્માન નથી. સંસદને બાનમાં લેવા બદલ વિપક્ષની જોરદાર ઝાટકણી કાઢી હતી. સાથે સાથે પક્ષના લોકોને ભાજપ સામે વળતા પ્રહાર કરવા સૂચન કર્યું હતું. ગાંધીએ કહ્યું હતું કે અમારી પાસે કોઈપણ વાત છૂપાવવા માટે કાઈ પણ નથી. બચાવ કરવાની પણ જરૂર નથી. સોનિયા ગાંધીએ તેમના નિવેદનમાં આસામમાં જારી હિંસા અંગે દુઃખ વ્યક્ત કર્યું હતું. સાથે સાથે હિંસાને કઠોર શબ્દોમાં વખોડી કાઢી સાફ શબ્દોમાં કહ્યું હતું કે દેશના કોઈપણ વ્યક્તિને દેશની કોઈપણ જગ્યાએ જવાનો અધિકાર છે. આસામમાં ચાલી રહેલી રાહત કામગીરીની સોનિયા ગાંધીએ પ્રશંસા કરી હતી. કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ પક્ષના કાર્યકરોમાં ઉત્સાહ વધારવાના પ્રયાસ કર્યા હતા. દિલ્હીમાં કોંગ્રેસની સંસદીય પક્ષની બેઠકમાં અન્ય ઘણા મુદ્દાઓ ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. ભાજપની નકારાત્મક નીતિઓ સામે લડત ચલાવવાની કોંગ્રેસના સાંસદોને ગાંધીએ અપીલ કરી હતી. કોલસા બ્લોક ફાળવણીના મામલે ભારે હોબાળો થયા બાદ અને સંસદની કામગીરી ખોરવાઈ ગયા બાદ સોનિયા ગાંધીએ પ્રથમ વખત પક્ષના સાંસદો સાથે વાતચીત કરી છે. છેલ્લા પાંચ દિવસથી સંસદની કામગીરી ચાલી શકાઈ નથી. ભાજપ સામે આક્રમક વલણ અપનાવવા તેઓએ સૂચન કર્યું હતું. કેટલાક સાંસદો નિયમ ૧૯૩ હેઠળ કોંલસા બ્લોક ફાળવણી મામલે ચર્ચામાંથી લોકસભામાં નોટિસ આપવાની તૈયારી કરી રહ્યા છે. કોલસા બ્લોક ફાળવણીને લઈને કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ વચ્ચે પણ મિટીંગોનો દોર યથાવત્ રીતે જારી રહ્યો છે. નાણાંમંત્રી પી. ચિદમ્બરમ્ અને કોલસા પ્રધાન શ્રીપ્રકાશ જેસવાલે ગઈકાલે સાંજે પણ પક્ષના સાંસદો સાથે અને કેન્દ્રીય પ્રધાનો સાથે વાતચીત કરી હતી. કોલસા બ્લોકની ફાળવણી અંગે નવી વ્યૂહરચના તૈયાર કરવામાં આવી રહી છે. એવું જાણવા મળ્યું છે કે કોંલસા બ્લોકની ફાળવણી મામલે ગૃહમાં ચર્ચા કરવા સાંસદો તૈયાર થઈ ચૂક્યા છે.

### અમને પ્રમાણપત્રની જરૂર નથી : ભાજપ

કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીનાં આક્ષેપોનો જવાબ આપતાં ભાજપે આજે કહ્યું હતું કે અમને કોઈના પણ પ્રમાણપત્રની જરૂર નથી. કોંગ્રેસ પાર્ટી પાસેથી જવાબદારીનાં પ્રમાણપત્રની અમને કોઈ જરૂર નથી. કોંગ્રેસને સંસદ પ્રત્યે પોતાની જવાબદારીની યાદ અપાવીને ભાજપે કહ્યું છે કે કોંગ્રેસ પાર્ટી કોલસા બ્લોક ફાળવણીનાં મુદ્દા પર માત્ર ચર્ચા માટે ચર્ચા કરાવવા ઈચ્છે છે. સંસદની કામગીરી નહીં ચાલવા દેવાનાં મામલે સોનિયા ગાંધી દ્વારા ભાજપ કરાયેલા આક્ષેપોનાં જવાબમાં ભાજપે કહ્યું છે કે અમને પ્રમાણપત્રોની કોઈ જરૂર નથી. ભાજપ સંસદીય પક્ષની બેઠક બાદ પક્ષનાં પ્રવક્તા રવિશંકર પ્રસાદે કહ્યું હતું કે સરકાર સંસદમાં માત્ર ચર્ચાની વાત કરે છે જવાબદારીની વાત કરતી નથી. બેઠકમાં અન્યો ઉપરાંત વરિષ્ઠ નેતા અડવાણી, સુષ્મા સ્વરાજ અને અરૂણ જેટલી પણ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે કહ્યું હતું કે સરકારે જવાબદારીનાં મામલે કોઈ ગંભીરતા દર્શાવી નથી. સરકાર સંસદમાં માત્ર ચર્ચા કરીને આ મુદ્દાને દબાવી દેવા માંગે છે. પક્ષનાં પ્રવક્તાએ કહ્યું હતું કે સંસદ ચર્ચાની જગ્યા છે પરંતુ જવાબદારીની પણ જગ્યા છે.

### સોનિયા ગાંધીએ શું કહ્યું



- ભાજપની નકારાત્મક નીતિ સામે લડત ચલાવવા કોંગ્રેસના સાંસદોને અપીલ
- ભાજપ સામે આક્રમક વળતા પ્રહાર કરવાની જરૂર
- ભાજપમાં સંસદને લઈને બિલકુલ સન્માન નથી
- કોલસા બ્લોકની ફાળવણી મામલે દેશના લોકોને ગેરમાર્ગે દોરવાનું કામ ભાજપના લોકો કરી રહ્યા છે
- કોંગ્રેસ પાસે છૂપાવવા અથવા બચાવ કરવા માટે કાંઈપણ નથી
- બ્લેકમેલીંગ કરવાનું કામ ભાજપનું છે
- આસામમાં જારી હિંસા વખોડવા લાયક છે
- દેશના કોઈપણ વ્યક્તિને કોઈપણ જગ્યાએ રહેવાનો અધિકાર છે
- સંસદને ભાજપના લોકોએ બાનમાં લીધું છે

## સમાચાર ઝલક

- ગુજરાત બી.પી.એલ. પરિવારોને બે લાખ સુધીની તબીબી સારવાર મળશે, તે ઉપરાંત ૪૭૬ પ્રકારની તબીબી સારવાર મળી શકશે.
- રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, દિલ્હી, મુંબઇમાં મુશળધાર વરસાદ.
- ગુજરાતમાં દર વર્ષે સાડા પાંચસોથી વધુ ખેડૂતો આપઘાત કરે છે : નેશનલ ક્રાઇમ રેકોર્ડ બ્યુરોનો અહેવાલ.
- ૨૦ કરોડના ખર્ચે ૩૦ એસ.ટી.ડેપોને ટનાટન બનાવાશે.
- નમો ભારત : મોદી માટે હવે ખાસ ઓનલાઇન ટી.વી.ચેનલની તૈયારી.
- ભારતમાં સોનાનાં ચળકાટને ઝાંખપ લાગી જવાનો ખતરો.
- ગોંડલના ભૂવનેશ્વરી પીઠના આચાર્ય શ્રી ઘનશ્યામજી મહારાજની તબિયત લથડતાં મુંબઇ-જશલોકમાં દાખલ કરાયા, ભક્તોમાં ચિંતાનું મોજું.
- એસ.ટી. ૮૦૦ બોલ્વો ખરીદશે, તમામને લાંબા રૂટ પર દોડાવાશે.
- કાંકરેજ તાલુકાના ખીમાણાના ડોકટરના ઘરે દર્દીના સ્વાંગમાં રિવોલ્વરધારી લૂંટારૂં ટોળકી ત્રાટકી.
- યોગગુરૂ બાબા રામદેવજીની વિદેશ સ્થિત કરોડોની સંપ્તિ જપ્ત કરવા હિલચાલ, તેમનાં અંગત ટાપુ પણ જપ્ત થશે.
- ટ્રીબ્યુનલે કડક નિર્દેશો આપ્યા છે, ડીલર પાસેથી ગેસનો ચુલો ખરીદવો ફરજીયાત નથી.
- સિરીયામાં નરસંહાર ૩૨૦થી વધુ લાશ મળી, સેના અનેક શહેરમાં આતંક મચાવ્યો.
- હિરામણી સ્કૂલના સ્મિત પટેલે ક્રિકેટ વર્લ્ડ કપ-૨૦૧૨ (અન્ડર-૧૯)માં શાનદાર દેખાવ કર્યો, સ્કૂલના ટ્રસ્ટે ૫ લાખ રૂપિયા પ્રોત્સાહન પેટે આપ્યા.
- વાઇબ્રન્ટ નવરાત્રિ મહોત્સવ અમદાવાદમાં રિવરફ્રન્ટ ઉપર યોજાશે.
- ચોટીલામાં ઝવેરચંદ મેઘાણીની જન્મજયંતિ, ત્રિ-દિવસીય મેઘાણી મહોત્સવ યોજાશે.
- અમેરિકાના ઘણા રાજ્યોમાં વાવાઝોડાના લીધે કટોકટી જાહેર.

## કોલસા કૌભાંડના કારણે સતત છઠ્ઠા દિવસે બંને ગૃહો મોકૂફ થયાં

નવી દિલ્હી,તા. ૨૮

કોલસા કોંભાડના કારણે મડાગાઠ આજે છઠ્ઠા દિવસે પણ યથાવત રહી હતી. સંસદના બન્ને ગૃહોમાં ધાંધલ ધમાલ જારી રહી હતી. આક્રમક વલણ અપનાવી રહેલા ભાજપના સભ્યોએ સતત છઠ્ઠા દિવસે પણ વડાપ્રધાન મનમોહનસિંહના રાજીનામાની માંગ કરી હતી. ભારે ધાંધલ ધમાલ વચ્ચે બન્ને ગૃહોમાં કોઈ કામગીરી થઈ શકી ન હતી. કોલસા બ્લોકની ફાળવણીમાં



ગેરરિતી પર કેગનો અહેવાલ આવ્યા બાદથી ભાજપે બન્ને ગૃહોમાં ધાંધલ ધમાલ મચાવી છે. ભાજપ વડાપ્રધાનના રાજીનામાની માંગ પર મક્કમ છે. જો કે આજે શાસક પક્ષ તરફથી ભાજપનો ટિકા ટિપ્પણીનો સામનો કરવો પડ્યો હતો. ભારે ધાંધલ ધમાલ, નારાબાજી અને હોબાળો જારી રહેતા લોકસભા અને રાજ્યસભામાં પ્રશ્ન કલાકની કામગારી પણ હાથ ધરી શકાઈ ન હતી. બન્ને ગૃહોની બેઠક બે વખત મોકુફ કરવામાં આવ્યા બાદ અંતે સમગ્ર દિવસ માટે ગૃહોને મોકુફ કરવામાં આવ્યા હતા. કેગ પર વડાપ્રધાન મનમોહનસિંહના નિવેદન પર લોકસભામાં નિયમ ૧૯૩ હેઠળ ચર્ચાની વાત હતી પરંતુ હોબાળો જારી રહેતા ચર્ચા હાથ ધરી શકાઈ ન હતી. બન્ને ગૃહોમાં શ્રીલંકન સૌનિકોનો ભારતમાં તાલિમ આપવાનાં મુદ્દા પર ડીએમકે સભ્યોએ હોબાળો મચાવ્યો હતો. ગૃહની વચ્ચોવચ આક્ષેપબાજી કરીને પહોંચી ગયા હતા. જનતાદળ યુનાઈટેડ અને અકાળીદળના સભ્યોએ વિરોધ પ્રદર્શન કરીને ભાજપનો સાથ આપ્યો હતો. કોંગ્રેસના સભ્યો પણ આજે આક્ષેપબાજી કરતા નજરે પડ્યા હતા. કોંગ્રેસનું નેતૃત્વ સોનિયા ગાંધીએ કહ્યું હતું. સોનિયા ગાંધી વારંવાર ભાજપના સાંસદોની વાતનો જવાબ આપવા અપીલ કરતા નજરે પડ્યા હતા.

## અંડર-૧૯ વર્લ્ડ ચેમ્પિયન ટીમનું ભવ્ય સ્વાગત થયું

મુંબઈ,તા.૨૮

ઓસ્ટ્રેલિયામાં અંડર-૧૯ વર્લ્ડકપ જીતી ભારતીય ટીમ આજે સ્વદેશ પરત ફરી હતી. સ્વદેશ પરત ફર્યા બાદ ભારતીય ટીમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. હવે દરેક ખેલાડીઓનું સન્માન કરાશે અને ઈનામોનો વરસાદ પણ થશે. વિશ્વનાં સૌથી ધનિક ક્રિકેટર બોર્ડ બીસીસીઆઈ દ્વારા ચેમ્પિયન ટીમના તમામ ખેલાડીઓનું ભવ્ય સ્વાગત કરાયું હતું. રવિવારે ઓસ્ટ્રેલિયાના ટાઉન્સવિલેમાં યજમાન ટીમને ફાઈનલમાં છ વિકેટે હરાવી ભારતીય ટીમે અંડર-૧૯ વિશ્વકપ જીતી લીધો હતો. ફાઈનલમાં અણનમ સદી બનાવનાર ટીમના સુકાની ઉન્મુક્ત ચંદ મુંબઈના છત્રપતિ શિવાજી આંતરરાષ્ટ્રીય વિમાની મથક પર સૌથી પહેલાં ટ્રોફી હાથમાં લઈને બહાર નીકળ્યો હતો. વિમાની મથક પર ભારતીય ટીમનું સ્વાગત કરવા મોટી સંખ્યામાં પ્રશંસકો એકઠા થયા હતાં. સ્પીનર હરમિતસિંહના સંબંધી અને મિત્રો પણ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતાં. સાંજે બીસીસીઆઈના



પદાધિકારીઓ સાથે ચેમ્પિયન ટીમના ખેલાડીઓએ ડીનર લીધું હતું, જ્યાં દરેક ખેલાડીઓનું સન્માન કરાયું હતું. અત્રે નોંધનીય છે કે, ફાઈનલમાં ૨૨૬ રનનો લક્ષ્યાંક હાંસલ કરવા ઉતરેલ ભારતીય ટીમની ઉપરની ચાર વિકેટો સસ્તામાં પડી ગઈ હતી. ત્યારબાદ સુકાની ઉન્મુક્ત ચંદ અને વિકેટકીપર બેટ્સમેન સ્મિત પટેલે સમજદારીપૂર્વક બેટિંગ કરી અણનમ રહી ટીમને ચેમ્પિયન બનાવી હતી. કેપ્ટન ઉન્મુક્ત ચંદે શાનદાર અણનમ સદી ફટકારી હતી જે બદલ તેને મેને ઓફ ધ મેચ જાહેર કરાયો હતો. સાંજે કેપ્ટન ઉન્મુક્ત અને કોચ બી.અરૂણ પત્રકાર પરિષદ સંબોધી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ વર્ષ ૨૦૦૦માં મહંમદ કૈફ અને ૨૦૦૮માં વિરાટ કોહલીના નેતૃત્વમાં અંડર-૧૯ વિશ્વકપ ભારત જીતી ચૂક્યું છે.

## ગોડાઉનમાંથી ૮૦૦૦ ક્વિન્ટલ ચોખા તેમજ ઘઉંનો જથ્થો ગૂમ

સીતાપુર,તા. ૨૮

ઉત્તર પ્રદેશમાં ઘઉં અને ચોખાનો જંગી જથ્થો ઉત્તર પ્રદેશ ફુડ એન્ડ કોમોડિટી કોર્પોરેશનનાં ગોડાઉનમાંથી ગુમ થઈ જતાં ભારે સનસનાટી મચી ગઈ છે. સીતાપુર નજીક સીધૌલી વિસ્તારમાં આવેલા ગોડાઉનમાંથી ૮૦૦૦ ક્વિન્ટલ ઘઉં અને ચોખાનો જથ્થો લાપતા છે. ઉત્તર પ્રદેશનાં ખાદ્ય અને નાગરીક પુરવઠા પ્રધાન રામપાલે ગોડાઉનમાં ચકાસણી કર્યા બાદ કેટલીક ખામીઓ શોધી કાઢી હતી. આ સમગ્ર મામલામાં તપાસનો આદેશ આપી દેવામાં આવ્યો છે.

ડિસ્ટ્રીક સપ્લાય ઓફિસર રાકેશ સકસેનાના નેતૃત્વમાં એક ટીમ દ્વારા ગોડાઉનમાં ગઈકાલે ચકાસણી કરવામાં આવી હતી. આ ગાળા દરમિયાન ૮૪૦૦૯ ક્વિન્ટલ ઘઉં અને ચોખાનો જથ્થો લાપતા હોવાની બાબત સપાટી ઉપર આવી હતી. ડીએસઓએ કહ્યું છે કે આ સંબંધમાં અહેવાલ જિલ્લા મેજિસ્ટ્રેટને સુપરત કરી દેવામાં આવ્યો છે. જિલ્લામાં ૧૮ ગોડાઉનમાં પણ ઉંડી ચકાસણી હાથ ધરવામાં આવી છે. કેટલાક શંકાસ્પદ લોકો ઉપર નજર રાખવામાં આવી રહી છે. જો કે આને લઈને ઉત્તર પ્રદેશ સરકાર સામે પણ પ્રશ્નો થવા લાગ્યા છે.

## હિંસાગ્રસ્ત આસામમાં નવેસરથી ભડકી ઉઠેલી હિંસાના બનાવમાં એકનું મોત

ગુવાહાટી,તા.૨૮

હિંસાગ્રસ્ત આસામમાં સ્થિતીમાં કોઈ સુધારો થઈ રહ્યો નથી. નવેસરથી ભડકી ઉઠેલી હિંસાનાં બનાવમાં એકનું મોત થયું છે અને અન્ય પાંચ લોકો ઘાયલ થયા છે. ઘાયલ થયેલા પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. હિંસાના ત્રણ જુદા જુદા બનાવો બનતા સ્થિતિ વિસ્ફોટક બની ગઈ છે. ૧૯મી જુલાઈથી જારી હિંસામાં મોતનો આંકડો વધી ૮૫ ઉપર પહોંચી ગયો હતો. બિન સત્તાવાર રીતે મોતનો આંકડો આનાથી પણ વધુ હોઈ શકે છે. દરમિયાન વણઓળખાયેલા શખ્સોએ ફકિરાગ્રામમાં પકરીતાલા ગામમાં ગોળીબાર કર્યો હતો. કેટલીક જગ્યાઓએ ગ્રેનેડો ઝીંક્યા હતા. કેટલાક મકાનોને આગ પણ ચાંપી દીધી હતી. બીપીએડી જિલ્લાઓમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે. બીજીબાજુ કોકરાઝાર, ચિરાંગ અને ઢુબરીમાં યાત્રી સંચારબંધી યથાવત રીતે જારી છે. બીજીબાજુ ૧૨ કલાકના બંધ દરમિયાન જનજીવનને અસર થઈ હતી. અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.સાલાકટી પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળ ફુમટી ગામમાં હિંસાનો પ્રથમ બનાવ બન્યો હતો પરંતુ આમા કોઈ ખુવારી થઈ ન હતી. અન્ય એક બનાવ ફકીરા ગ્રામ હેઠળ પકરીટોલા ગામમાં બન્યો હતો જેમાં એકનું મોત થયું હતું અને અન્ય ચાર લોકો ઘાયલ થયા હતા. ભાડુતીઓએ એકાએક ગોળીબાર કર્યો હતો જેના કારણે તંગદીલી ફેલાઈ ગઈ હતી. સૂત્રોએ કહ્યું છે કે ત્રીજા બનાવમાં અન્ય એક વ્યક્તિ ઘાયલ થઈ હતી. આ બનાવ ગોસાઈગામ વિસ્તારમાં બન્યો હતો. ભાડૂતી તત્વોએ ગોળીબાર કર્યો હતો. આસામમાં હિંસાનો દોર અવિરતપણે જારી રહ્યો છે. બોડોલેન્ડ ક્ષેત્રિય વિસ્તારોમાં ભડકી ઉઠેલી હિંસામાં મોતનો આંકડો સતત વધી રહ્યો છે. માઈગ્રન્ટ મુસ્લિમ



સમુદાયના લોકો અને બોડોલેન્ડના લોકો વચ્ચે હિંસાનો દોર ચાલી રહ્યો છે. આ હિંસાના કારણે ત્રણ લાખથી વધુ લોકો ઘર વગરના થઈ ગયા છે. આ લોકોને રાહત કેમ્પોમાં રહેવાની ફરજ પડી રહી છે. રાહત કેમ્પોમાંથી પોતાના આવાસમાં પરત ફરતા લોકો ઉપર પણ હાલમાં હુમલાઓ કરવામાં આવ્યા છે. ૧૯મી જુલાઈ બાદથી આસામમાં અવિરત પણે હિંસાનો દોર જારી રહ્યો છે. વડાપ્રધાન મનમોહનસિંહ પણ આસામની મુલાકાત લઈ ચૂક્યા છે અને પેકેજની જાહેરાત પણ કરી ચૂક્યા છે. આસામના હિંસાગ્રસ્ત વિસ્તારમાં સંચારબંદી હજુ પણ દૂર કરવામાં આવી નથી.

## ગીતિકા કેસમાં ગોપાલ કાંડા ૧૧મી સુધી કસ્ટડીમાં રહેશે

નવી દિલ્હી, તા.૨૮

સનસનાટીપુર્ણ ગીતિકા આત્મહત્યા કેસમાં મુખ્ય આરોપી અને હરિયાણાંનો ભુતપુર્વ મુખ્યમંત્રી ગોપાલ ગોયલ કાંડાને દિલ્હી કોર્ટે આજે ૧૪ દિવસની જ્યુડિશીયલ કસ્ટડીમાં મોકલી દેવાનો આદેશ કર્યો હતો. એડિશનલ ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ ડીકે જંગલાએ ૧૧મી સપ્ટેમ્બર સુધી કાંડાની જ્યુડિશીયલ કસ્ટડીમાં રિમાન્ડ પર લેવાનો આદેશ કર્યો હતો. અગાઉ દિલ્હી પોલીસે રજુઆત કરી હતી. વધુ કસ્ટોડિયલ પુછપરછ કરવાની હવે જરૂર નથી. સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે ત્રણ દિવસની પોલીસ કસ્ટડીની અવધી પુરી થયા બાદ કાંડાને કોર્ટમાં રજુ કરવામાં આવ્યા હતા. પોલીસ કસ્ટડી ૨૫મી ઓગસ્ટે વધારી દેવામાં આવી હતી. સાત દિવસની કસ્ટોડીયલ પુછપરછ બાદ કસ્ટડી લંબાવવામાં આવી હતી. ભુતપુર્વ એર હોસ્ટેસ ગીતિકા શર્મા તેનાં અશોક વિહાર નિવાસ સ્થાને પાંચમી ઓગસ્ટનાં દિવસે મૃત હાલતમાં મળી આવ્યાનાં ૧૩ દિવસ બાદ પોલીસ સમક્ષ કાંડાએ શરણાગતી સ્વિકારી લીધી હતી. ગીતિકાએ આત્મહત્યા કરી લીધી હતી. તેની પાસેથી આત્મહત્યાની એક નોંધ મળી આવી હતી. આત્મહત્યાની નોંધમાં ગીતિકાએ આક્ષેપ કર્યો હતો કે કાંડા અને એમડીએલઆરના એક કર્મચારી અરૂણાએ તેને ભારે ત્રાસ આપ્યો હતો. ભુતપુર્વ પ્રધાનની કંપનીમાં ફરી સામેલ થવા તેના ઉપર દબાણ લવાવમાં આવ્યું હતું. ગીતિકા ઘણાં કારણો સર એમડીએલઆર કંપનીને છોડીને જતી રહી હતી. ગીતિકાની આત્મહત્યા બાદથી પોલીસ દ્વારા ઉંડી તપાસ કરવામાં આવી રહી છે. ગોપાલ કાંડાની પુછપરછમાં પણ ઘણી વિગત સપાટી ઉપર આવી ચુકી છે. કાંડા ઉપરાંત તેમની સાથે રહેલા અન્યોની પણ પોલીસ દ્વારા પુછપરછ કરવામાં આવી ચુકી છે.

### આસામનાં છ જિલ્લામાં પુરની પરિસ્થિતી ગંભીર

આસામનાં છ જિલ્લાઓમાં પુરની પરિસ્થિતી વિકટ બનેલી છે. આશરે એક લાખ લોકોની પુરનાં ત્રીજા મોજાનાં કારણે માઠી અસર થઈ છે. બ્રહ્મપુત્ર અને અન્ય સહાયક મોટી નદીઓમાં પાણીની સપાટી ભયજનક સ્તરથી ઉપર પહોંચી ગઈ છે. નદીઓમાં પાણીની સપાટી વધતાં આસપાસનાં ઘણાં વિસ્તારો સંકાજામાં આવી ગયા છે. અધિકારીઓનું કહેવું છે કે જોરહાટ જિલ્લા, ગોલઘાટ જિલ્લાનાં ઘણાં વિસ્તારોમાં બ્રહ્મપુત્ર નદીની સપાટી વધી છે. લખીમપુર જિલ્લામાં સિંગોરા ખાતે પણ બ્રહ્મપુત્રા નદીમાં પાણીની સપાટી ભયજનક સ્તરથી ઉપર પહોંચી ગઈ છે. જો કે હજુ સુધી પુરનાં કારણે કોઈનું મોત થયું નથી. આસપાસનાં વિસ્તારોમાં સતત ભારે વરસાદનાં લીધે લખીમપુર, ધેમાજી, ગોળધાર, સોનિતપુર, બક્સા અને કામરૂપ જિલ્લાઓમાં સ્થિતી ગંભીર બનેલી છે. સાવચેતીના પગલા પણ તંત્ર દ્વારા લેવામાં આવ્યા છે. બક્સા જિલ્લામાં ચાર રાહત કેમ્પ સ્થાપિત કરવામાં આવ્યા છે. જ્યાં ૨૩૦૦૦ લોકો આશરો લઈ રહ્યા છે. આ ઉપરાંત બક્ષા જિલ્લામાં જ અન્ય બે રાહત કેમ્પમાં ૨૯૬ લોકો આશરો લઈ રહ્યા છે. પુરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે.

## ઉઘડતે પડદે

• બીજા પાનાનું અનુસંધાન

તબીયતને લઈ મોમેન્ટો આપવાનો કાર્યક્રમ અધવચ્ચે જ આટોપી લેતાં કલાકારોને હાશ થઈ કે ચાલો કંઈક મળી ગયું....

મોમેન્ટો મળ્યા પછી મૂડમાં આવેલાં કલાકારો પછી તો જોરમાં ખીલ્યાં. ગમ્મત ગુલાલ, ધત્ તેરે કી નાં કલાકાર ભક્તિપ્રસાદ જોષીએ કલાકારોની નિરક્ષણની વાતથી સીધાં એમની ‘ટાલ’ પર લઈ ગયાં અને ‘ટાલ’ નો મહિમા એવો રમૂજી રીતે વર્ણવ્યો કે દરેક ટાલ ધારકો પોરસાઈ ઉઠ્યાં, વાળ ઉડે નહીં, જૂ પડે નહીં, તેલ, શૅમ્પુ, હૅર ડાય, કાંસકીનો ખર્ચો નહીં અને સૌથી વિશેષ એટલે ટાલીયાનો દીકરો વટભેર કહી શકે કે ‘મારા બાપનો કોઈ વાળ વાંકો ના કરી શકે’ કહી એમનાં કલાકારનો કલાસ બતાવ્યો... જૂના જમાનાનાં માળીયામાં પડેલાં સિફની ફેનની વાત અને મિમિક્રીથી પ્રેક્ષકોએ તાળીઓથી વધાવ્યાં...

મનોજ શુક્લએ સાચો કલાકાર સમયમાં કાર્યક્રમ પતાવે એમ કહી એમને વધાવ્યાં અને બાકીનાને ચેતવ્યાં... પછીનાં કલાકાર દિવાતરાય પંડ્યાએ સરદારજી-બાપુ વાળી કરીને મજા કરાવી, સદાય સરદારોની જોકથી આપણે મુરખના સરદાર બનાવતાં સરદારોએ ‘મનમોહનને’ આપણાં સરદાર બનાવી સૌને મુરખ બનાવ્યાં છે, કહી અસ્સલ મજા કરાવી. સમભાવ - મુંબઈ સમાચાર, જનસત્તા જેવાં ન્યુઝ પેપરનાં હાસ્યલેખક અને હાસ્યના ૩ પુસ્તકોનાં લેખકે મનોજ શુક્લને પત્નિ કરતાં ઉદાર બતાવ્યાં કારણ પત્નિ તો થોડુંય બોલવા દેતી નથી જયારે આમણે પુરી ૭ મિનીટ બોલવા આપી...

અમદાવાદથી આવેલા શૈલેષભાઈ ભટ્ટની શાયરીઓ સરસ રહી. ઘર-સમાજમાં તમારી ઈચ્છા મુજબ ચાલતી નથી હોતી, સપનામાં આવે જો તો પરી જેવી પણ રોજ આવે તો નવરી, જયારે જયારે તેને હસતી જોવું તો ગાલમાં ખાડાં પડે, અને એ ખાડામાં આપણાં જેવાં કેટલાંય પડે... અને મોટામાં મોટી રાણી એટલે ઉઘરાણી જેવી માર્મિક વાતોથી હાસ્ય ઉપજાવી પ્રેક્ષકોની દાદ મેળવી લીધી... નવરંગપુરા ગામનાં મહેસાણા એરિયાનો લહેકાવાળી વાતોથી દર્શન મહેતાએ ઘર-પરિવારની નાની - વાતોથી સૅન્સ ઑફ હ્યુમર ઉપજાવી મજા કરાવી...

ગાંધીનગરનાં ગૌરવ સમાન કવિ હરિકૃષ્ણ પાઠક અને ગુજરાતમાં જેમનું નામ સાહિત્ય જગતમાં આદરપૂર્વક લેખાય છે. એવાં સાહિત્યનાં ભિષ્મ પિતામહે ‘વૈશાખનંદન’ અને ‘સેવાનામ પ્રિય’ જેવા દ્વિઅર્થી શબ્દોથી શરૂ કરી ૧૪માં વર્ણ જેવો ‘ઢ’ ની વાતો કાવ્ય દ્વારા કરી... ઢગો નિશાળે બેઠો, વિદ્યા કોઠે ચઢી નહીં, ના ઢગો હેઠો ઉતર્યો, ‘હાસ્ય કવિતાઓથી પ્રેક્ષકોમાં હાસ્યની છોળો ઉડાળી...’ દિવ્ય ભાસ્કરમાં ‘ખુલ્લી વાત ખુલીને’ લખતા જાણીતા લેખક અને ‘સંસ્કૃતિ’ સંસ્થાના મંત્રી મનોજ શુક્લને મનહર શુક્લએ પાણીનાં ગ્લાસમાં શાહીનું ટીપું પડે અને સર્વત્ર પ્રસરે એમ સર્વત્ર પ્રસરેલી પ્રતિભા તરીકે નવાજ્યાં... પતિ-પત્નીનાં ખટમીઠાં અનુભવો પત્નીની હાજરીમાં જ કહી આવનારાં સંકટની પરવા કર્યાવ વિના ૭ મિનિટ મનમુકીને હાસ્યોથી વરસ્યાં... હળવાશ જીવનને આનંદ અને તાકાત આવે છે કહી પ્રશ્નોરા જ્ઞાતિનાં હળવાં જૉક્સ સાથે સૌને હસતાં મુકી માઈકને વિદાય આપી દીધી...

આવેલાં સૌ કલાકારોને બે પ્રશ્નોનાં તાત્કાલિક જવાબ જેવાં અખતરાને સૌએ માણ્યો અને ગમ્મત ગુલાલનાં કલાકાર ભક્તિ જોષીએ અભિનયનાં નવરસની લ્હાણ ‘બટાકું’ ટાર્ગેટ કરી, શાંત, બિભત્સ, ક્રોધ, વીરરસ, હાસ્ય, કરૂણ, શ્રૃંગાર જેવાં રસોને બતાવી એમની અભિનય ક્ષમતાનો પરિચય આપી દીધો... દિગંત ભટ્ટે કાર્યક્રમની આભારવિધિ કરી પજ્ઞા પરિવારનો ‘હાસ્યોત્સવ’ ની સફળતા જ્ઞાતિનાં જ કલાકારોને આપીને સૌને હસતે મોંએ વિદાય આપી... પ્રશ્નોરા જ્ઞાતિના યુવાનોએ કરેલો આ નવતર પ્રયોગ એનાં અંજામ સુધી પહોંચ્યો. હાસ્યના આ કાર્યક્રમનું રસદર્શન મેં પણ હળવાશની શૈલીમાં કર્યું છે, તેથી પ્રશ્નોરા નાગરો એને હળવાશથી તે એવી વિનંતી બાકી કાંઈ પ્રસાદી આપવી હોય તો મને ભર્ગદેવ ભટ્ટ લાવેલાં તો એ પ્રસાદી એમને આપી દેવી...

### પારિજાત (પાના નં. ૪ નું ચાલુ)

એક વરસ પૂરું થતાં નિયત સમયે નિયત જગાએ જહોન ડી. રોકફેલર સાથે નક્કી થયા મુજબ વટાવ્યા વિનાનો ચેક લઇ બગીચામાં પહોંચ્યો. બરાબર એ જ સમયે સૂટ-બૂટમાં સજ્જ પેલા દાદા પણ આવી પહોંચ્યાં.

“કેમ ભાઇ, બધું બરાબર ને?” દાદા બોલ્યા... એટલામાં બે નર્સ દોડતી આવી અને બાવડેથી પકડ્યા. કહે, “હાશ, માંડ પકડાયા! પછી પેલા બિઝનેશમેનને કહે, ‘સર, આપને આ દાદાએ હેરાન તો નથી કર્યા ને? છેલ્લા ચાર વરસથી એ ગાંડા થઇ ગયા છે. વારંવાર નર્સિંગહોમમાંથી ભાગી છૂટે છે : એટલું જ નહીં, પરંતુ પોતે જહોન ડી. રોકફેલર છે એવું કહીને લોકોને મોટી મોટી રકમના ખોટા ચેક આપતા ફરે છે!”

• • •

બનાવટી ચેકથી પણ આવડો મોટો ચમત્કાર સર્જાતો હોય તો કોઇકનો આત્મવિશ્વાસ જગાવવા બે ઉત્સાહના બોલ બોલવા આપણે તૈયાર રહેવું જોઇએ. શબ્દો સાચા હોય કે ખોટા. પણ સાચા દિલથી બોલાયા હોય તો કામ કરી જાય છે તેમાં શંકા નથી.

## પેટન્ટ વોર તીવ્ર : સેમસંગના ૮ ફોન પર પ્રતિબંધની માગ

ન્યૂયોર્ક,તા.૨૮

સેમસંગ અને એપલ વચ્ચે પેટન્ટને લઈને જોરદાર જંગ ચાલી રહ્યો છે. હવે એપલે આક્રમક રજૂઆત કરીને સેમસંગના આઠ ફોન ઉપર પ્રતિબંધ મૂકવાની કોર્ટમાં માંગણી કરી છે. સેમસંગના આઠ ઈલેક્ટ્રોનીકસ મોબાઈલ ફોન ઉપર અમેરિકામાં પ્રતિબંધ મૂકવાની માગણી એપલ દ્વારા કરવામાં આવી છે જેથી પેટન્ટ મામલે લડાઈ વધુ તીવ્ર બને તેવા સંકેત દેખાઈ રહ્યા છે. એપલે જે ફોન ઉપર પ્રતિબંધ મૂકવાની માંગણી કરી છે તેમાં ખૂબ જ લોકપ્રિય ગેલેક્સી મોડલ સ્માર્ટ ફોનનો સમાવેશ થાય છે. યુએસ ડ્રિસ્ટીકટ જજ લુસી કોહ સમક્ષ રજૂઆત કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે હાલમાં એપલે પેટન્ટ મામલામાં મોટી લડાઈ જીતી હતી. કોર્ટે સેમસંગને ૧.૦૫ અબજ ડૉલર ચૂકવવાનો આદેશ કર્યો હતો. ટેકનોલોજી અને પેટન્ટની ચોરી કરવાનો બંને કંપનીઓએ એકબીજા ઉપર આક્ષેપ કર્યો છે. ગેલેક્સી એસ૪જી, ગેલેક્સી એસ૨એટીએન્ડટી, ગેલેક્સી એસ૨, ગેલેક્સી એસ૨ ટી-મોબાઈલ, ગેલેક્સી એસ૨ ઈપીક૪જી, ગેલેક્સી એસ સોકેસ, ડ્રોઈડ ચાર્જ અને ગેલેક્સી પેવેલ સામે તવાઈ આવે તેવી શક્યતા છે. આ મામલામાં વધુ સુનાવણી હવે ૨૦મી સપ્ટેમ્બરે હાથ ધરવામાં આવશે. જો યુએસ ડિસ્ટ્રીક જજ વેચાણ પ્રતિબંધને મંજૂરી આપશે તો સેમસંગને મોટો ફટકો પડશે. એપલની જીત તેની સ્થિતિને મજબૂત બનાવે છે.